# સે. ૭-બીમાં મકાનના ભોંયરામાં ગટરના દૂષિત પાણીનો ભરાવો

## તંત્રનો જવાબ 'ફાઈટર નથી !' દુર્ગંધ અને ગંદકીથી ત્રસ્ત રહીશોમાં ઉગ્ર આક્રોશ

ગાંધીનગર, તા. ૮

સે. ૭-બીમાં છેલ્લા બે દિવસથી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશોના મકાનના ભોંયરામાં દૂષિત પાણીનો ભરાવો થયો છે. અસહ્ય દુર્ગંધ અને ગંદકીના લીધે રહેવાસીઓ તોબા પોકારી ગયા છે. આ મામલે તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં ત્વરિત અસરથી કોઈ પગલા લેવાતા નથી.

શહેરમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો આમ નાગરિકો માટે કકળાટનું કારણ બની છે. સેક્ટરોમાં છાશવારે ગટરો ઉભરાતા અસહ્ય ગંદકીની સ્થિતિ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા હોવાનો સૂર ઉઠવા પામે છે. બીજી તરફ ગટરો ઉભરાવવાની ફરિયાદો સંદર્ભે તંત્રકક્ષાએથી પણ ત્વરિત પગલા ન લેવાતા નાગરિકોની રજૂઆત સાંભળવા માટે જાણે કોઈ તંત્ર જ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરના સે. ૭-બીના વિસ્તારમાં પણ ગટરોનું દૂષિત પાણી રહીશોના ઘરમાં ઉભરાતુ હોવાની બૂમરાણ મચી છે. સે. ૭-બીમાં ગટરો ઉભરાતા પ્લોટ નં. ૭૫૫ના વિસ્તારમાં સ્થિત મકાનના ભોંયરામાં ગટરનું ગંદુ પાણી ભરાય છે. જેના પરિણામે અસહ્ય ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલ વચ્ચે સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ મામલે સેક્ટરના રહીશો દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરતા ફાઈટર ન હોવાનું જણાવી ફરિયાદ સંદર્ભે કોઈ પગલા લેવામાં આવ્યા ન હોવાનો રોષ પણ સેવાઈ રહ્યો છે. રહેણાંક વિસ્તારમાં ખદબદતી ગંદકી દૂર કરવા ત્વરિત પગલા લેવાય તે માટે સ્થાનિક રહીશોએ રજૂઆત કરી છે.




## વિશ્વ પર્યાવરણ દિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરમાં પંજાબ નેશનલ બેંક દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પંજાબ નેશનલ બેંક અમદાવાદ સર્કલ દ્વારા ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે બીસએફ કેમ્પસ, હેડકવાર્ટર ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પંજાબ નેશનલ બેંક અમદાવાદ સર્કલના હેડ પી.કે. સકસેના તથા બી.એસ.એફ. હેડકવાટર ગાંધીનગરના આઈ.જી. એ.કે. સિન્હાના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. પંજાબ નેશનલ બેંક બેકીંગ ઉપરાંત સામાજિક, શૈક્ષણિક અને પર્યાવરણને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

# સે. ૩માં પાર્કિંગ જેવી નજીવી બાબતે પાઈપ અને ધોકા વડે હિંસક હુમલો

## છ જણા સામે પોલીસ ફરીયાદ : આરોપીઓ હજુ પોલીસના સકંજામાં આવ્યા નથી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ ખાતે વાહનો પાર્કિંગ કરવા જેવી નજીવી બાબતે પડોશીઓ વચ્ચે મારામારી થઈ ગઈ હતી અને લોખંડની પાઈપ, ધોકા અને લાકડીઓ વડે હિંસક હુમલો થવા પામ્યો હતો. આ મારામારીમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ પોલીસે ઘાયલ થયેલા ધર્મેન્દ્રભાઈ કાપડીયાની ફરીયાદને આધારે પડોશમાં રહેતા છ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે મળતી વિગત મુજબ આ ઘટનાને એક અઠવાડિયું થઈ ગયા બાદ પણ આરોપીઓ પોલીસ સકંજામાં આવ્યા નથી.

શહેરના સેક્ટર-૩-એ પ્લોટ નં. ૧૦૮/૧માં રહેતા એલ.આઈ.સી. એજન્ટ ધર્મેન્દ્રભાઈ અમૃતલાલ કાપડીયાએ નોંધાવેલ પોલીસ ફરીયાદ મુજબ કોમન પ્લોટમાં મુકવામાં આવતા તેમના વાહનોના પાર્કિંગને માલમે ઉશ્કેરાઈ જઈને છ શખ્સોએ મળીને તેમને તથા તેમના માતા નર્મદાબેન પર લાકડી, લોખંડની પાઈપ અને ધોકા વડે ઘાતક હુમલો કર્યો હતો. ગૌતમ વાલજીભાઈ સોલંકી, લલીતાબેન ગૌતમભાઈ સોલંકી, દિપેશ ગૌતમભાઈ સોલંકી, રસીક ગૌતમભાઈ સોલંકી, દીપીકા ગૌતમભાઈ સોલંકી તથા ભરત નામના વ્યક્તિ મળીને છ જણાએ મળીને મારઝુડ કરી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ધર્મેન્દ્રભાઈ તથા નર્મદાબેનને દાખલ કરવામાં આવ્યા હતા. સે. ૭ પોલીસમથકના પીએસઆઈ એ.કે. ભરવાડે ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

# આર.પી.એફ.ની કનડગતથી રીક્ષા ચાલકો સ્ટેશન પર ઉભા રહેતા નથી !

## રેલયાત્રિકોને શહેર સુધી પહોંચવા વાહન વ્યવસ્થા ઉપલબ્ધ પણ નથી

ગાંધીનગર, તા. ૮

શહેરના છેવાડે સ્થિત રેલવે સ્ટેશનના વિકાસ માટે કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં હજુ મુસાફરોની માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. સ્ટેશનથી શહેર સુધી પહોંચવા મુસાફરોએ વલખા મારવા પડે તેવી સ્થિતિ છે. સ્ટેશન વિસ્તારમાં રીક્ષાચાલકો પાસેથી હપ્તા વસુલી કરવામાં આવતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનું આંધણ કરાયા બાદ પણ રેલયાત્રિકોને સ્પર્શતી જરૂરી સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. સ્ટેશન પર કોમ ઈન્ડીકેટર તેમજ પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ હજુ પણ શરૂ થઈ નથી.

બીજી તરફ કેપીટલ સ્ટેશન પર ઉતરતા યાત્રિકો માટે શહેર સુધી પહોંચવા કોઈ વાહન વ્યવસ્થા પણ થઈ નથી. સ્ટેશન વિસ્તારમાં ઉભા રહેતા રીક્ષાચાલકોનો પણ આર.પી.એફ. દ્વારા કનડગત થતી હોવાનો પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. જ્યારે આર.પી.એફ.ના જવાનો દ્વારા રીક્ષાચાલકો પાસેથી હપ્તા વસુલી કરવામાં આવતી હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. રીક્ષાચાલકોને આ વિસ્તારમાં પ્રવેશવા ન દેવાતા સ્ટેશન પર ઉતરતા યાત્રિકોને શહેર સુધી પહોંચવા કોઈ વાહન વ્યવસ્થા ઉપલબ્ધ થતી નથી.

આ મામલે સ્થાનિક સંસ્થાના અગ્રણીઓ દ્વારા પણ રેલયાત્રિકોને ધ્યાને લઈ રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત કરવા વારંવાર રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં લાંબા સમયના અંતે કોઈ યોગ્ય વ્યવસ્થા ન ગોઠવાતા રોજબરોજ રેલમુસાફરોએ હાલાકી વેઠવી પડે છે. આ મામલે ત્વરિત પગલા લઈ કાયમી યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે.

## ૨૩૮ પોલીસ કર્મચારીઓની જિલ્લામાં આંતરીક બદલી

ગાંધીનગર, તા. ૮

જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ દ્વારા પાંચ પોલીસ અધિકારીઓની કમીટી બનાવીને એલ.આર., પોલીસ કોન્સ્ટેબલથી માંડીને એએસઆઈ કક્ષાના પોલીસ કર્મચારીઓની જિલ્લામાં આંતરીક બદલીઓનું લીસ્ટ તૈયાર કરીને આજે બદલીના આદેશ કર્યા છે.

જિલ્લાના ૨૩૮ પોલીસ કર્મચારીઓની આંતરીક બદલી થવા પામી છે. મોટાભાગના પોલીસ કર્મચારીઓને માંગ્યા મુજબના પોલીસસ્ટેશન વિસ્તારમાં બદલીના ઓર્ડર કરતા પોલીસ કોન્સ્ટેબલથી માંડીનો એએસઆઈ કક્ષાના તમામ કર્મચારીઓમાં રાજીપો જોવા મળ્યો છે. આ બદલીમાં કર્મચારીઓની ફેમીલી લાઈફ, બાળકોનું શિક્ષણ સહિતના વિવિધ પાસાઓને ધ્યાને લઈને ઓર્ડર જારી કરવામાં આવ્યા છે.



સૅક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સૅન્ટર ખાતે લગાવવામાં આવેલી હાઈ માસ્ટ લાઈટ દિવસ દરમ્યાન પણ ચાલુ રહેતાં વેપારીઓ અને ખરીદારોમાં આશ્ચર્ય ફેલાયું હતું. (તસવીર : દિપક જાની)

# કોલવડા ગામના મકાનમાંથી દારૂની ૮૪ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક કોલવડા ગામની કન્યા શાળાની પાછળ એક મકાનમાં વિદેશી દારૂનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે આજે બપોરે દરોડો પાડીને ૭ પેટી એટલે કે ૮૪ નંગ વિદેશી દારુની બોટલ ઝડપી પાડી છે. પોલીસે દરોડો પાડયો ત્યારે બુટલેગર ઘરે હાજર ન હતો. પોલીસે ૨૫ હજારનો દારૂ કબ્જે કરીને ફરાર બુટલેગરની શોધખોળ શરુ કરી છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈને બાતમી મળી હતી કે કોલવડા ગામમાં સ્થિત કન્યા શાળાની પાછળના આવેલા વાસમાં એક મકાનમાં વિદેશી દારૂ લાવી ગેરકાયદેસર વેપલો કરવામાં આવે છે.

જેને આધારે આજે બપોરે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડીને મકાનમાં આકસ્મિક ચેકીંગ કર્યું હતું. મકાનમાંથી ૭ પેટી વિદેશી દારૂ એટલે કે ૮૪ નંગ દારૂની બોટલ મળી આવતા પોલીસે દારૂ કબ્જે લઈને રૂ. ૨૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બુટલેગર રાજુ અમરત રાવળ હજુ ફરાર છે. પેથાપુર પોલીસે રાજુ વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરુ કરી છે.

# પેન્શન રીવાઈઝ કરવા સરકારમાં રજૂઆત

ગાંધીનગર, તા.૮

ગુજરાતના તા. ૧લી જૂન ૨૦૦૬ પહેલા નિવૃત્તોના પેન્શનમાં થયલી વિસંગતતા દૂર કરવા માટે ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળ-વડોદરાએ રજૂઆત કરી છે.

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળના હોદ્દેદારોએ કેન્દ્ર સરકારના ઠરાવ પ્રમાણે રાજય સરકારના પેન્શનર્સને છઠ્ઠા પગાર પંચના કેન્દ્ર સરકારના અમલ મુજબના આદેશો કરવા રજૂઆત કરી છે.

મંડળના હોદ્દેદારોએ ૧૪મી માર્ચ ૨૦૧૩ના રોજ સરકારમાં રજૂઆત કરીને કેન્દ્ર સરકારના ઠરાવ નં. પી.જી. એન્ડ પેન્શન મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ પેન્શન એન્ડ પેન્શનર્સ વેલફેર (આદેશ) મેમોરેન્ડમ નંબર એફ ૩૮/૩૭/૦૮ પી.એન્ડ.પી. ડબલ્યુ (એ) તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૩ના આધારે કેન્દ્ર સરકારની સેવાઓમાંથી નિવૃત્ત થયેલા પેન્શનર, ફેમીલી પેન્શનર્સને તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૨થી અમલ કરેલ છે તે મુજબ ગુજરાત સરકાર ઉદારતાથી સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને છઠ્ઠા પગાર પંચના કેન્દ્ર સરકારના અમલ પ્રમાણેના આદેશો કરવા રજૂઆત કરી છે.

## સે. ૩૦ સર્કલ પાસે સ્થિત દરગાહ શરીફનું સંદલ તેમજ ઉર્સ મુબારક મનાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૩૦ના સર્કલ પાસે આવેલી હઝરત ગાંગા હોંશિયાર દરગાહ શરીફનું સંદલ આજે તા. ૯મી જૂનને રાત્રે ઈશાની નમાઝ બાદ શાનો સોકતથી કરવામાં આવશે.

હઝરત ગાંગા હોશિયાર દરગાહ શરીફની સંદલ બાદ ૧૦મી જૂને ઉર્સ મુબારક પણ મનાવવામાં આવશે. આ પ્રસંગે આમ ન્યાઝનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ઉર્સ મુબારક સદ્ભાવના કોમી એકતાના ભાગરૂપે મનાવવામાં આવશે તમામ મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા દરગાહના ખીદમતગાર ગુલશન બાપુ, દરિયાખાન સિપાઈ, હનીફભાઈ શેખે ખાસ જણાવ્યું છે.



ગ રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી ગટરો ખસેડવાનું કામ યુદ્ધના ધોરણે ચાલુ થઈ ગયું છે. (તસવીર : દિપક જાની)

## આજે સુથાર સમાજનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા. ૮

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા વિશ્વકર્મા મંદિર, સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે આજે ૯મી જૂને સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન ક્રિમીલેયર પ્રમાણપત્ર તથા કારકિર્દી સેમિનાર યોજાશે.

સમાજના વિદ્યાર્થીઓના માટે યોજાનાર કારકિર્દી માર્ગદર્શન સેમિનારાં ગુજરાત સરકારના નાયબ સચિવ આર.વી. સુથાર અને ડૉ. જે.ડી. ગજ્જર તથા અન્ય વક્તાઓ વિશેષ હાજરી આપી જરૂરી માર્ગદર્શન આપશે એમ પ્રમુખ પુરુષોત્તમદાસ ગજ્જરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગાંધીનગર સિવિલમાં હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીમાં કોંગ્રેસના પાંચ સભ્યોની નિમણુંક

ગાંધીનગર, તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીના ચેરમેન દ્વારા ગાંધીનગર સિવિલ હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી ગાંધીનગરના શ્રમજીવી ગરીબ, નિરાધાર, દર્દીઓને સમાજ સેવકોને સહાયરૂપ બની યોગ્ય માર્ગદર્શન આપવાનું કામ નવી કમિટી દ્વારા કરવામાં આવશે.

ગુજરાત કોંગ્રેસ સમિતિના હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી રમેશભાઈ ચૌધરી દ્વારા ગાંધીનગર શહેરના કોંગ્રેસના કાર્યકરો કેસરીસિંહજી બિહોલા, તેજાભાઈ દેસાઈ, કનુભાઈ શાહ, વિજયભાઈ સોલંકી અને શ્રીમતી સંગીતાબેન શાહને શહેરની જનરલ હોસ્પિટલમાં કમિટીમાં સભ્ય પદે નિમણુંક આપવામાં આવી છે.

આ સર્વે સભ્યોને શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી કે.પી. સોલંકી તેમજ શહેર જિલ્લા કોંગ્રેસ કમિટીના પ્રમુખ મુકેશ પટેલ દ્વારા અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવે છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮
સૂર્યાસ્ત : ૭.૦૮

### તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૪૫ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
યે જવાની હૈ દિવાની : ૮.૫૦, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫

: સ્કીન-૨ :
યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫
યે જવાની હૈ દિવાની : ૧૧.૫૦
આફટર અર્થ (હિન્દી) : ૬.૨૦

: સ્કીન-૩ :
આફટર અર્થ (હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫
યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦
યે જવાની હૈ દિવાની : ૮.૩૫

: સ્કીન-૪ :
યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦
યે જવાની હૈ દિવાની : ૪.૦૫
આફટર અર્થ (હિન્દી) : ૧૦.૩૫

**સૂર્યા, વાવોલ**

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
યે જવાની હૈ દિવાની : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૩ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
યે જવાની દીવાની : ૧.૦૦, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- દરજી કેળવણી મંડળ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

### આપની આજ

**મેષ** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાની સંભાવના છે. નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે.

**મિથુન** : આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતન થશે.

**સિંહ** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્સ થશે. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચ થશે. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

**ધન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો યોગ. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સંચિત ધનમાં વધારો થશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : આર્થિક કારણોથી સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ ન કરવો. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબેન નરસિંહભાઈ રાઠોડ (ઉ.વ. ૮૫) બ્લોક નં. ૭૪/૩, જ-ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ.રમતુજી લલાજી વાઘેલા (ઉ.વ. ૭૪) રામનગર, મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.બાલુબેન બાબુજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.રામીબેન પાનાચંદ સોલંકી (ઉ.વ. ૮૨) બ્લોક નં. ૬૨૯, આદર્શનગર પીળોપટ્ટો, સેકટર-૨૪, ગાંધીનગર.